# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-06-2024** **Evening : 7.10 to 7.20pm**
**Day: FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અમિતા વાંઝા વાંચે છે.

---

- નડાબેટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતમાં યોજાયેલ રાજ્યકક્ષાના કાર્યક્રમ સાથે રાજયભરમાં દસમો આંતરરાષ્ટ્રીય દિવસ ઉજવાયો
- અમદાવાદની નારણપુરા સરકારી શાળા ખાતેથી 30 જેટલી સ્માર્ટ સ્કૂલનુ ઇ લોકાર્પણ કરતાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ..
- રાજકોટની ગેમઝોનમાં લાગેલી ભીષણ આગનો સીટ દ્વારા તૈયાર કરાયેલો અહેવાલ સરકારને સુપરત.. કેટલાક લોકોની નિષ્કાળજી હોવાનો અહેવાલમાં ઉલ્લેખ
- કચ્છના જખૌના દરિયાકાંઠેથી બીએસએફને 27 જેટલા બિનવારસી ડ્રગ્સના પેકેટ મળ્યા... છેલ્લા અઠવાડિયામાં જ 129 પેકેટ જપ્ત કરાયાં
- મુસાફરોના પ્રતિભાવો માટે  ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ દ્વારા યાત્રી પ્રતિભાવ  એન્ડ ક્વોટ પોર્ટલ શરૂ કરાયું ..

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## YOG DIWAS NEW

દસમા આંતરાષ્ટીય યોગ દિવસની ઉજવણી રાજ્યભરમાં કરવામાં આવી હતી..

આંતરરાષ્ટ્રીય યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ભારત પાકિસ્તાન સરહદ પર પ્રથમ વખત નડા બેટ ખાતે થઇ. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીને ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ સ્વસ્થ જીવન માટે યોગને દૈનિક જીવનમાં અપનાવવાનું આહ્વાન કર્યું હતું. વધુમાં મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યુ.

(બાઇટ-ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરતાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે નાગરીકોને યોગને જીવનનું અભિન્ન અંગ બનાવવા અનુરોધ કર્યો.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદમાં, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે સુરતમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો.

મંત્રીશ્રીઓ ઋષિકેશ પટેલે મહેસાણામાં, રાઘવજી પટેલે જામનગરમાં, બળવંતસિંહ રાજપૂતે પાટણમાં, કુંવરજી બાવળિયાએ બોટાદમાં, મૂળૂભાઇ બેરાએ દેવભૂમિ દ્વારકામાં, જશવંતસિંહ પરમારે પંચમહાલમાં, મંત્રી જગદીશ વિશ્વકર્માએ અમદાવાદ મહાનગર પાલિકામાં, મુકેશ પટેલે સુરતમાં, પરષોતમ રૂપાલાએ રાજકોટમાં, સાંસદ જશુભાઈ રાઠવાએ છોટાઉદેપુરમાં, ભાનુબેન બાબરિયાએ ગાંધીનગરમાં, રાજ્યસભાના સાંસદ રમિલા બારાએ શામળાજીના મેશ્વો ડેમ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરી હતી.

## Amit Shah Smart School

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે આજે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં આવેલી અમદાવાદ મહાનગર પાલિકાની 30 સ્માર્ટ શાળાઓનું નારણપુરા સરકારી શાળા ખાતેથી ઇ-લોકાર્પણ કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી શાહે જણાવ્યું કે, અંદાજે 36 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલી આ સ્માર્ટ શાળાઓ થકી આશરે 30 હજાર જેટલા

બાળકોને નવી શિક્ષણ નીતિનો સીધો લાભ મળશે. તેમણે નવી શિક્ષણ નીતિ અંતર્ગત કૌશલ્ય અને ટેકનૉલોજિ આધારિત શિક્ષણ આપવા માટેની મોદી સરકારની પ્રતિબદ્ધતા પણ દોહરાવી હતી.

(બાઇટ-અમિત શાહ)

શ્રી શાહે કહ્યું હતું કે, ગાંધીનગર મત વિસ્તારમાં આવેલી 69 પ્રાથમિક શાળાઓમાંથી 59 શાળાઓ સ્માર્ટ શાળાઓમાં તબદીલ થઈ છે અને ટૂંક સમયમાં બાકી રહેલી 10 શાળાઓ પણ સ્માર્ટ શાળાઓ તરીકે વિકસાવવામાં આવશે.

## RAJKOT SIT

**રાજકોટના ગેમઝોનમાં લાગેલી ભીષણ આગ અંગે તપાસ કરી રહેલી ખાસ તપાસ ટુકડી - SIT એ 100 પાનાનો તપાસ અહેવાલ રાજય સરકારને સુપ્રત કર્યો છે. સીટના વડા સુભાષ ત્રિવેદીએ જણાવ્યું છે કે**, રાજકોટ દુર્ઘટના બાદ રચાયેલી સીટે આપેલા અહેવાલમાં અનેક લોકોની નિષ્કાળજી ધ્યાનમાં આવી છે. અને આ અંગે વધુ તપાસ ચાલુ રહેશે. તેમણે કહ્યું કે, ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા અંગે હાલ તપાસ ચાલી રહી છે. અત્યાર સુધીમાં ચાર IAS અને એક IPS  અધિકારી ની પૂછપરછ કરવામાં આવી છે. હજુ અન્ય IPS અને IAS અધિકારી ની પણ પૂછપરછ કરાશે.

અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, દુર્ઘટનાના સ્થળે પેટ્રોલ ડિઝલનો જથ્થો મળી આવ્યો હતો. આ સંદર્ભે સીટ દ્વારા પેટ્રોલ પંપ પર તપાસ કરાઇ છે.

## KUTCH DRUGS

કચ્છના દરિયાકિનારા પરથી ફરી પાછુ મોટાપાયે ડ્રગ્સ ઝડપાયું છે..સીમા સુરક્ષા દળે  હાથ ધરેલા સેર્ચ ઓપેરશનમાં  જખૌના દરિયાકાંઠેથી  બે અલગ-અલગ જગ્યાએથી માદક પદાર્થ ના  27 પેકેટ હાથ લાગ્યા છે..મળી આવેલા 27 પૈકી  17 પેકેટમાં પીળી ગોળીઓના 03 નાના પેકેટ છે, જે સિન્થેટિક ડ્રગ્સ મોર્ફિન હોવાની શંકા છે.BSF દ્વારા હાથ ધરવામં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન છેલ્લા એક સપ્તાહમાં

જખૌના કિનારેથી માદક પદાર્થના 129 પેકેટ ઝડપાયા છે. માદક પદાર્થો શોધવા બીએસએફ દ્વારા દરિયાકાંઠે આવેલા અલગ-અલગ ટાપુઓ અને ખાડી વિસ્તારની સઘન શોધ કરવામાં આવી રહી છે.

## ST PORTAL

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ- એસ.ટી. દ્વારા મુસાફરોના પ્રતિભાવો મેળવવા માટે યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ પોર્ટ્લ શરૂ કરવામાં આવ્યું છે. મુસાફરો નિગમની વેબસાઇટ gsrtc.in ઉપર ‘’ઇ-ગવર્નન્સ સંદર્ભે યાત્રી પ્રતિભાવ એન્ડ ક્વોટ ફોર્મ સોમવાર ૨૪મી જૂન થી આગામી પહેલી જુલાઇ સુધી ભરીને પોતાની મુસાફરીના પ્રતિભાવો પોર્ટલના માધ્યમથી નિગમને આપી શકશે.

ઇ- ગવર્નન્સના ઉપયોગથી રાજય સરકાર મુસાફરીને લગતી સુવિધાઓ વધુ અસરકારક બનાવી શકે તે માટે રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા પ્રતિસાદ મેળવવામાં આવી રહ્યો છે જેમાં મુસાફરો ઓનલાઇન બુકીંગ, ટીકીટીંગ સોલ્યુશન, વ્હીકલ ટ્રેકીંગ, વેબસાઇટ, મોબાઇલ એપ્લીકેશન વગેરે વધુ અસરકારક અને સુવિધાયુક્ત બને તે માટે પોતાના પ્રતિભાવો આપી શકશે.

## TRAFFIk A’BAD

અમદાવાદ શહેરમાં ટ્રાફિક નિયમનોની સુયોગ્ય અમલવારી કરાવવા અને રોડ અકસ્માતમાં ઘટાડો લાવવા આવતીકાલથી નવ દિવસીય ખાસ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ ઝુંબેશ દરમ્યાન, રોંગ સાઇડ ડ્રાઇવીંગ કરનાર વિરૂધ્ધ કેસ સહિતની કાયદાકીય કાર્યવાહી કરાશે. તેમ અમદાવાદ શહેર ટ્રાફિકના સંયુક્ત પોલીસ કમિશ્નર એન.એન.ચૌધરીએ જણાવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રોંગ સાઇડ વાહન ચલાવવાના કારણે વાહન અકસ્માતો પ્રાણઘાતક બને છે. તેમજ આ અકસ્માતમાં મૃત્યુદર અને ગંભીર ઇજાના બનાવો પણ વધુ પ્રમાણમાં બને છે.

## SURAT TRAFFIC

સુરત શહેરમાં ટ્રાફિક નિયમન અને વાહનો સરળતાથી ચલાવી શકાય તેવા આશયથી 40થી વધુ જંકશન ઉપર સ્પીડ બ્રેકર હટાવવાની કામગીરી હાથ ધરવા માટેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સુરત શહેર ટ્રાફિક શાખા અને સુરત મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

અત્યારસુધીમાં સુરત શહેરના કુલ ૨૧ જંકશન પર બમ્પ હટાવવાની કામગીરી કરવામાં આવી છે. જયારે બાકી રહેલા બમ્પ પણ તબક્કાવાર દુર કરવામાં આવશે.

## Strawberry Moon

દર વર્ષે 21 જૂનનો દિવસ સૌથી લાંબો અને રાત્રી સૌથી નાની હોય છે. આજે રાત્રે પૂર્ણ કક્ષાએ ખીલેલો ચંદ્ર જોવા મળશે. આ અંગે વધુ માહીતી આપતા ગુજકોસ્ટના સલાહકાર ડૉ.નરોત્તમ સાહુએ વધુમાં આ મુજબ જણાવ્યું.

(બાઇટ-નરોત્તમ સાહુ)

## PURAK PARIKSHA

માર્ચ 2024માં રાજય શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ બોર્ડની પરીક્ષામાં એક કે બે વિષયમાં નાપાસ થયેલા, ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓની પૂરક પરીક્ષા 24મી જૂને લેવાશે.

જેમાં ધોરણ-10, ધોરણ-12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ, ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને સંસ્કૃત મધ્યમા પ્રવાહનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની વેબસાઇટ gseb.org પર 15મી જૂનથી પરીક્ષાર્થીઓની પૂરક પરીક્ષાની હોલ ટીકીટ મૂકવામાં આવી છે.